PG CL    પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ    PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/કવા–૦૩/૧૭–૧૮/ 10517    તા. 19-12-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હિરજીભાઈ કરમણભાઈ ગોહિલ,
C/O, તેજાલાલ એચ. ગોહિલ
રે. સિધ્ધાર્થ સોસાયટી – શેરી નં–૬
શંકર ટેકરી રૂમ નં: ૧૬૯,
જામનગર
મો: ૯૪૨૯૨ ૬૯૮૦૮

**વિષય :–પુરવણીબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૭/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ખંભાળીયા ગેઈટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૭/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૨–૧૨–૧૭ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: હિરજીભાઈ કરમણભાઈ ગોહિલ, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે શ્રી તેજાભાઈ હિરજીભાઈ ગોહિલ હાજર રહેલ હતા.

**વિ રૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ખંભાળીયા ગેઈટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ર જામનગર)

રજુઆત કરનાર :ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર – કે.એ.પારેખ – શહેર વિભાગીય કચેરી નં ર જામનગર

## : હુકમ :

**ફરીયાદ : પુરવણીબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ જામનગર ખાતે ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૨૪૦૩/૦૦૬૪૭/૫ થી ધરાવે છે. તેઓ નિયમીત વીજબીલ ભરપાઈ કરે છે. તેઓને માહે જુન–જુલાઈ–૧૭ નુ ૩૬૬૯ યુનીટ નુ રૂ.૨૮,૭૯૬/– નુ વીજબીલ અપાયેલ છે. જે બાતે મીટર નુ લેબોરેટરી મા પરીક્ષણ કરતા – ૦.૦૦૪% ફાસ્ટ મળેલ છે. તેમજ, એમ.આર.આઈ. રીપોર્ટ પણ મેળવેલ છે. તેઓના માનવા મુજબ – સદર મીટર જમ્પ મારી ગયેલ હોય, તેઓનુ માહે જુન–જુલાઈ–૧૭ પહેલાના યુનીટ ૨૫૦ થી ૩૫૦ ની સરેરાશ જ હોય – તે મુજબ નુ વીજબીલ કરવા માટે અરજદાર શ્રી ની માંગણી છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર અરજદાર હિરજીભાઈ કરમણભાઈ ગોહિલ – જેમનો વીજ ગ્રાહક નંબર : ૩૨૪૦૩/૦૦૬૪૭/૫ ઘરવપરાશ ના હેતુ માટે – ખંભાળીયા ગેઈટ પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. સદર ગ્રાહક ને માહે જુન–જુલાઈ– ૨૦૧૭ નુ વીજબીલ – ૩૬૬૯ યુનીટ ( ૮૮૧૯ – ૫૧૫૦) નુ રૂ.૨૮,૬૩૨/૭૮ નુ અપાયેલ છે. જેના અનુસંધાને – અરજદાર દ્વારા ફાસ્ટ મીટર બાબતે અરજી તા.૩૦–૦૭–૧૭ ના રોજ કરાતા – પર્ફોમા –૧૫ નંબર: ૮૯૧૬ થી તા.૦૩–૦૮– ૧૭ થી ગ્રાહક શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા સદર મીટર બદલી કરેલ છે. જે મુજબ – અરજદાર ને મીટર ની લેબોરેટરી તપાસણી માટે તા.૧૦–૦૮–૧૭, તા.૧૭–૦૮–૧૭, તા.૨૪–૦૮–૧૭ જણાવેલ – જે મુજબ તા.૨૪–૦૮–૧૭ ના રોજ – ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરી મા – મીટર ની તપાસણી કરવામા આવેલ – જેની વિગત નીચે મુજબ છે. |

| Particulars | Old Meter Dt.03.08.17 | New Meter Dt.31.10.16 | Old Meter-As per MTLab Dt.24.08.17 |
|---|---|---|---|
| Make | L&T | L&T | L&T |
| Meter No | 2249543 | 528996 | 2249543 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 8900 | 1329 | 8900 |
| REMARKS | પર્ફોમા –૧૫ નંબર: ૮૯૧૬ – મુજબ જોડેલ કુલ વીજભાર ૧૫૭૦ વોટ બતાવેલ છે. | | As per dial test result +0.04%, MRI Down Loaded |

આમ, મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ના પરીક્ષણ મુજબ– સદર સવાલવાળુ મીટર બરાબર હોય – સદર અરજદાર ને તા.૨૬–૦૭–૧૭ મુજબ – ૩૬૬૯ યુનીટ ( ૮૮૧૯ – ૫૧૫૦) નુ રૂ.૨૮,૬૩૨/૭૮ નુ પુરવણીબીલ અપાયેલ છે. જે કંપની ના નિયમ મુજબ યોગ્ય છે.

મુદદા નં.—૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, મીટર ટેસ્ટીગ લેબોરેટરી ના પરીક્ષણ મુજબ— સદર સવાલવાળુ મીટર બરાબર હોય – સદર અરજદાર ને તા.૨૬–૦૭–૧૭ મુજબ – ૩૬૬૯ યુનીટ ( ૮૮૧૯ – ૫૧૫૦) નુ રૂ.૨૮,૬૩૨/૭૮ નુ પુરવણીબીલ અપાયેલ છે. જે કંપની ના નિયમ મુજબ યોગ્ય છે. સદર ગ્રાહક ની પી.આર.ટી.—૧૪૫ મુજબ –કરેલ દ્રીમાસીક વીજવપરાશ ની વિગત નીચે મુજબ જણાયેલ છે. |

| Month/ Year | 2015 | | 2016 | | 2017 | |
|---|---|---|---|---|---|---|
| | C.R. | unit | C.R. | unit | C.R. | unit |
| Dec,Jan | 101 | 488 | 2429 | 310 | 4499 | 349 |
| Feb, Mar | 398 | 297 | 2740 | 311 | 4798 | 299 |
| Apr,May | 767 | 369 | 3095 | 355 | 5150 | 352 |
| Jun,Jul | 1190 | 423 | 3405 | 310 | 8819 | 3669 |
| Aug,Sep | 1781 | 591 | 3812 | 407 | 2512 | 664 |
| Oct, Nov | 2119 | 338 | 4150 | 338 | | |
| | MC in D-J-15 | 2506 | | 2031 | | 5333 |

| | |
|---|---|
| ૩.૨ | વધુમા – પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ કરેલ – ગ્રાહક ની પી.આર.ટી.—૧૪૫ અને સવાલવાળા મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – નીચેની વિગત જણાયેલ છે. |

| AS PER BILLING CYCLE | | AS PER MRI OF METER NO: PGST 02249543 | |
|---|---|---|---|
| BILLING DATE | CURRENT READING | DATE | CURRENT READING |
| 29-09-16 | 3812 | 01-09-16 | 5814.9 |
| 26-11-16 | 4150 | 01-11-16 | 6427.4 |
| 29-01-17 | 4417 | 01-01-17 | 6905.3 |
| 22-03-17 | 4798 | 01-03-17 | 7242.8 |
| 29-05-17 | 5150 | 01-05-17 | 7783.7 |
| 26-07-17 | 8819 | 01-07-17 | 8511.3 |

| | |
|---|---|
| ૩.૩ | ઉપરોક્ત મુદદા નં.૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – એમ.આર.આઈ. અહેવાલ અને વીજબીલ ની તારીખ મુજબ લેવાયેલ હાલ ના રીડીગ ની સરખામણી કરતા ફલીત થાય છે કે – મીટર રીડર દ્રારા – જે તે સમયગાળા ના વીજબીલ મા –ખૂબજ ઓછા મીટર રીડીગ નોધેલ છે. સદર બાબતે – સદર મીટર રીડીગ લેવાની ભુલ બાબતે સબંધક પીજીવીસીએલ ની કચેરી દ્રારા કોઈ ઉલ્લેખ પણ કરાયેલ નથી. જે ખૂબજ ગંભીર બાબત છે. તેમજ – સદર વીજ અરજદાર દ્રારા પણ મીટર રીડર દ્રારા લેવાયેલ રીડીગ બાબતે કયારેય રજુઆત કરેલ હોય તેવુ માલુમ પડેલ નથી. |
| ૩.૪ | આમ, સદર કેઈસ મા – પડતર યુનીટ ગણીને – માહે જુન–જુલાઈ– ૧૭ ના વીજબીલ મા કુલ ૩૬૬૯ યુનીટ નુ અરજદાર ને વીજબીલ અપાયેલ છે. જે એક જ બીલ મા બીલ ની આકારણી કરવી તે કુદરતી ન્યાય ની વિરૂધ્ધ છે. વધુમા પીજીવીસીએલ દ્રારા સવાલવાળુ મીટર મુકેલ છે ત્યારથી વાસ્તવિક મીટર રીડીગ લેવાયેલ છે તે અંગે નો અહેવાલ આપેલ ન હોય – જેથી સવાલવાળુ મીટર મુકેલ છે – ત્યારથી બધાજ વીજબીલ રીવાઇઝ કરવા. જેથી, અરજદાર ના સ્થાપન પર નવુ મીટર મુકાયા બાદ આજદિન સુધી – નોધાયેલ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ – દ્રીમાસીક વીજબીલ મા રીવાઇઝ કરી તેનુ ગણતરીપત્રક ભરેલ રકમ – ભરવા પાત્ર થતી રકમ નુ વિગતવાર કોષ્ટક – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ – અરજદાર ને દિવસ –૦૫ મા – રીવાઇઝ બીલ ની ગણતરી વાળી નકલ રજીસ્ટર્ડ ટપાલ થી આપી, સદર ટપાલ અરજદાર ને મળ્યા બાદ ના દિવસ –૧૦ સુધીમા અરજદાર ને વીજબીલ ભરપાઈ કરવા માટે જાણકારી આપવી – અન્યથા અરજદાર દ્રારા સદર |

| | |
|---|---|
| | સમયગાળા દરમ્યાન સદર વીજબીલ ભરપાઈ કરવામા ન આવે તો – પીજીવીસીએલ કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ ની કાર્યવાહી કરવી. તે મુજબ નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ થી ૩.૩ મુજબ ની વિગતો અન્વયે – મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે – પીજીવીસીએલ દ્વારા અરજદાર ના સ્થાપન પર સવાલવાળુ મીટર મુકેલ છે ત્યારથી વાસ્તવિક મીટર રીડીગ લેવાયેલ છે તે અંગે નો અહેવાલ આપેલ ન હોય – જેથી સવાલવાળુ મીટર મુકેલ છે – ત્યારથી બધાજ સવાલવાળા વીજબીલ રીવાઇઝ કરવા. જેથી, અરજદાર ના સ્થાપન પર નવુ મીટર મુકાયા બાદ આજદિન સુધી – નોધાયેલ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ – દ્રીમાસીક વીજબીલ મા રીવાઇઝ કરી તેનુ ગણતરીપત્રક ભરેલ રકમ – ભરવા પાત્ર થતી રકમ નુ વિગતવાર કોષ્ટક – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ – અરજદાર ને દિવસ –૦૫ મા – રીવાઇઝ બીલ ની ગણતરી વાળી નકલ રજીસ્ટર્ડ ટપાલ થી આપી, સદર ટપાલ અરજદાર ને મળ્યા બાદ ના દિવસ –૧૦ સુધીમા અરજદાર ને વીજબીલ ભરપાઈ કરવા માટે જાણકારી આપવી – અન્યથા અરજદાર દ્વારા સદર સમયગાળા દરમ્યાન સદર વીજબીલ ભરપાઈ કરવામા ન આવે તો – પીજીવીસીએલ કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ ની કાર્યવાહી કરવી. તે મુજબ નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.